Trust For Reaching The Unreached
લોકસ્વાસ્થ્ય મંડળ
Website www.trugujorg
શિક્ષકપુર ડોદરા
જી. મહાલ ડોદરા

વંચિતોની વચાળે વીસ વર્ષ

Trust For Reaching The Unreached
લોકસ્વાસ્થ્ય મંડળ
[illegible]
Email truguj@truguj.org

અનુક્રમ ોડા

પ્રાસ્તાવિક		૧
કાર્યકા ી ટ્રસ્ટીઓની શક્તિઓ અને ર	ભવ	૨
ટ્રસ્ટ ોર રીર્ચીંગ ધ અનરીચ્ડ (ટુ) ન	ાયકાની સફર	૮
શિવ જપુર વિસ્તારમાં સમગ્ર સ્વાસ્	ાર્યક્રમ	૧૦
૬.૧ સામૂદાયિક સ્વાસ્થ્ય		૧૦
૬.૨ માનસિક સ્વાસ્થ્ય અભિયા		૧૧
૬.૩ કુરાલ (૫ દરા વિસ્તારમાં)	ા કિરણ પ્રોજેક્ટ	૧૨
૬.૪ ચેલા મહત્ ાના કાર્યક્રમો		૧૩
૬.૫ ૨૦૦૧ મ કરછમાં ધરતી કં	ની કામગીરી	૧૩
૬.૬ ૨૦૦૩ મ કોની એખલાસ		૧૪
૬.૭ હાઈવે પુ ર્પસ જનમાં કામ ીરં		૧૫
૬.૮ ામાં સમા વેસ્ટ ારમાં પોલીકર્લ		૧૬
૬.૯ ા શહેરની ઝૂપડપટ્ટી વિસ્તારો	ામ	૧૭
૬.૧૦ ા શહેરમાં ાહત નિદાન કેન્દ્ર		૧૮
૬.૧૧ ા નેટવર્કીંગના પ્રયત્નો		૧૯
૬.૧૧ ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસ	ોસેશનમાં ટુની કામગીરી	૧૯
૬.૧૨ જનસ્વાસ્થ્ય સભા		૨૧
૭. ટુના પ્રકાશનો		૨૨
૮. શિવરાજપુરમાં અભિનવ કન્યા શિક્ષ	ાર્યક્રમ	૨૪
૯. ગ્રામ્ય સ્વાસ્થ્ય કાર્યક્રમમાં ક્ષેત્ર કાર્યક	ની સારણી (૨૦૦૮)	૨૫
૧૦. ૨૦૨૯ ના કોર ટ્રસ્ટીઓની અન્ય પ્રવૃ	ો	૨૬
૧૧. ટુની સઘન કામગીરીના લાભાર્થીઓ		૨૭
૧૨. લોકસ્વાસ્થ્ય મંડળને નાણાંકીય સહ	ા આપનાર સંસ્થાઓ	૨૯
૧૩. ટુમાં વર્ષનું વિશ્લેષણ ૨૦૦૭-૦૮		૩૦
૧૪. આગે વધાં..... ... (ટુનું ટ્રસ્ટી મંડ		૩૧

૧. પ્રાસ્તાવિક

TRU ટ્રસ્ટ ફોર રીર્ચીંગ ધ અનરીચ્ડ (ટુ, લોકસ્વાસ્થ્ય મંડળ) ની સ્થાપના ૧૯૮૭ ના ઓગષ્ટ માસમાં કરી ત્યારથી અત્યાર સુધી નામ પ્રમાણે કર્મ કરવાના પ્રયાસ કર્યા છે. સંસ્થાની સ્થાપના કરી ત્યારે જ મનમાં હતું કે સેવાઓ ના પહોંચી હોય તેવા અંતરિયાળ વસેલા ગામોમાં આપણે પહોંચવું. મૂડી હતી જ્ઞાન અને અનુભવની, નાણાંકીય વ્યવસ્થા હતી જ નહિ. શરૂઆતમાં રૂા. ૨૦,૦૦૦ ની લોન મિત્રો પાસેથી લઈને દવાઓ ખરીદીને કામ શરૂ કર્યું હતું. ધીમે ધીમે ધગશ અને મહેનત દ્વારા કામગીરી આગળ વધારી. નાણાંકીય વ્યવસ્થા પણ ગોઠવાતી ગઈ અને વંચિતો સુધી પહોંચી શકવાનો માર્ગ મોકળો થતો ગયો.

ટુ સઘનક્ષેત્રમાં વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરી રહેલ છે. તે ઉપરાંત સમગ્ર ગુજરાતમાં વંચિતો માટે કામ કરતી અનેક સંસ્થાઓના કાર્યક્ષેત્રો સુધી સામૂદાયિક સ્વાસ્થ્યના નવા આયામો પહોંચાડવા માટે અમે વિશેષ પ્રયાસો કર્યા છે, જેથી ''સૌના માટે આરોગ્ય'' ચળવળના કાર્યક્રમો ઉંડાણના વિસ્તારોમાં કાર્યન્વિત કરવામાં નિમિત્ત બન્યા છીએ.

૨. [illegible]ર્યકરી [illegible]ઓની શ[illegible] અને અનુભવ :

ડૉ. [illegible]ન પટેલ [illegible] ૧૯૭૨ [illegible]ડસમાં એમ.ડી. ની ડીગ્રી મેળવી
ત્ય[illegible] ક્યારે[illegible]નગી ક્ષેત્રે [illegible] નહિ. એમ.બી.બી.એસ. ભણતા
હત[illegible]થી વાં[illegible] અને ચર્ચા [illegible] દ્વારા ગાંધી વિચાર અને વિકાસની
વા[illegible] જાણી [illegible] ફિલસૂફીઅ[illegible]ન મેળવ્યું. મનમાં પોતે મેળવેલી
તબ[illegible]ાવડતો [illegible]ાધારે ગ્રામ વિ[illegible]પ્રવૃત્તિઓ યોજવાની લગની હતી.

અ[illegible]ારતીય [illegible]તે સેનાન[illegible]ન તરીકે કામ કરતી તરૂણ શાંતિ
સે[illegible]ષ્ટ્રીય [illegible] તેઓ ખા[illegible] હતા. ગ્રામદાનના વિવિધ સઘન
ક્ષે[illegible]ાકાત [illegible] તેની પ[illegible]તેમણે અભ્યાસ કર્યો અને ધીરેનદા
મજ[illegible] સાથે [illegible]સામાં ગ્રા[illegible]ત્તિ માટે પદયાત્રા કરીને પ્રત્યક્ષ
અ[illegible]ણ મે[illegible]

[illegible]ી જ[illegible] નારાયણ [illegible]ણ દેસાઈના માર્ગદર્શન હેઠળ નેફા
(અ[illegible]લ પ્રદે[illegible]ાં અખિલ ભ[illegible] શાંતિ સેના દ્વારા ચાલતા નેશનલ
ઈન[illegible]ન પ્રો[illegible]ાં જોડાય[illegible]મણે નેફાની વિકટ ભૌગોલિક
પરિ[illegible]માં તેન[illegible]ારેય જિલ્લામ[illegible] કેન્દ્રો દ્વારા સામૂદાયિક આરોગ્ય
સેવ[illegible] આયોજ[illegible]ર્યું. તે સમયે [illegible] નેફામાં તેઓ એકલા જ નિષ્ણાત
(એ[illegible]ડી) ડૉક્ટર [illegible]તા. તેમની રાહ[illegible]નીચે દસ કેન્દ્રો દ્વારા ત્રણ વર્ષ સુધી
દવા[illegible] અને મ[illegible]ુલાળ-સ્વાસ્થ્ય[illegible]વાઓ ચાલતી રહી હતી. અચાનક
૧૯[illegible] રાજકી[illegible]ઇમરજન્સી-[illegible]ટો[illegible]ખતે આ પ્રોજેક્ટને જ ત્યાંથી ઉચાળા
ભર[illegible]થયા અને [illegible]ઓ ગુજરાતમાં [illegible]આવ્યા. અહીં તેમણે કટોકટી વિરોધી
ચળ[illegible] સક્રિય[illegible] ભજવ્યો [illegible]ન તેઓ કટોકટીના વિરોધમાં શ્રી
નાર[illegible]દેસાઈ સ[illegible]દાંડીથી સાબર[illegible]આશ્રમ સુધી પદયાત્રા પણ કરી હતી.
કટો[illegible]મયે ગાં[illegible] વિચારધાર મ[illegible]રાષ્ટ્રીય કામગીરી કરતાં કરતાં તેઓ
તરૂ[illegible]તે સેનામ[illegible]રાષ્ટ્રીય સ્તરે સ[illegible]ક્યા અને તે દરમ્યાન તેઓએ મેડીકો

ફ્રેન્ડસર્કલની સ્થાપના માટે અન્ય ડૉક્ટર મિત્રો સાથે જોડાઈને કામ કર્યું. આમ આરોગ્યના કામોમાં વૈકલ્પિક વિચારધારાના બીજ રોપાયા. રાષ્ટ્રીય કક્ષાએ સમાન વિચારધારા ધરાવતા મિત્રોએ જેપીના ''શિક્ષા મેં ક્રાન્તિ'' તથા ''યુથ ફોર ડેમોક્રેસી'' જેવા વિચારો અંગે સઘન ચર્ચા-વિચારણા કરી અને તૃણમૂળના સઘન કામોમાં આરોગ્ય વિષયક આવડતો સાથે ઝંપલાવ્યું.

ગુજરાતમાં ૧૯૭૬ માં ''પ્રયાસ'' માંગરોળના સ્થાપક સભ્ય બન્યા અને ત્યાં આરોગ્ય વિષયક કામો ચાલુ કર્યા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનુભવોના આધારે નવી નવી આવેલ કોમ્યુનિટી હેલ્થની વિભાવનાને અલગ અલગ પ્રવૃત્તિઓ દ્વારા ચરિતાર્થ કરવાનો ગુજરાતમાં સૌ પ્રથમ પ્રયોગ ''પ્રયાસ'' દ્વારા તેમણે શરૂ કર્યો. ૧૦ ગામોમાં આરોગ્ય કામગીરી, કાર્યકરો તૈયાર કરવા, તેમજ ગામેગામ આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ પહોંચાડવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન શરૂ કર્યું. આમ ગુજરાતમાં ડૉક્ટર અને દવાખાનાની ચાર દિવાલોમાંથી બહાર ગામોમાં લોકો વચ્ચે જઈને આરોગ્ય સંવર્ધન તથા રોગોનો ફેલાવો અને તેને અટકાવવા માટે શૈક્ષણિક કામોનું આયોજન થયું. પોતાના અનુભવો અને સમજને પોતાના પ્રોજેક્ટ સુધી સીમિત ન રાખતાં તેમણે રાષ્ટ્રીયકક્ષાએ અને ગુજરાત રાજ્યમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે વૈચારિક તેમજ કાર્યલક્ષી આદાન-પ્રદાન ગોઠવ્યું. ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશન ત્યારે હજી બાલ્યાવસ્થામાં જ હતું. તેમાં અને વૉલન્ટરી હેલ્થ એસોસિએશનમાં તેની સભ્યસંસ્થાઓને તબીબી સેવાઓ કેવી રીતે ગોઠવવી તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું.

૧૯૮૨ માં પ્રયાસમાંથી આર્ચ બનાવવામાં આવ્યું. બે વર્ષ માટે બહારથી ભણીને આવેલા પોતાના ડૉક્ટર મિત્રોને માંગરોળમાં કામ કરવા આમંત્રણ આપતાં આર્ચ નામની અલગ સંસ્થાની સ્થાપના કરવી જરૂરી લાગી હતી. આર્ચમાં સ્થાપક મનજીંગ ટ્રસ્ટી તરીકે તેમણે સેવાઓ આપી. તદુપરાંત પ્રયાસ દ્વારા ૧૯૭૬ માં શરૂ કરેલી આરોગ્યની ક્ષેત્રીય પ્રવૃત્તિઓને આર્ચના નેજા હેઠળ તેમણે ચાલૂ રાખી.

૧૯૮૩ ... વડોદ... ગુજરાત વા... હેલ્થ એસોસિએશનની સભ્ય
સંસ્થાઓ ... મદદથી સસ્તી અને ... દવાઓ ઉપલબ્ધ થાય
હેતુથી ... જીનરીક ... મથી દવા બ... અને વિતરણ અંગેની કામગીરી
ઓઠવવા ... માટે બીજા મિત્રો સાથે લોકો... સ્થાપના કરી. લોકોસ્ટના સ્થાપક
નેજીંગ ... તરીકે તેમણે પાંચ વર્ષ ... સેવાઓ આપી.

૧૯૮૮ ... લંડન ... ઓફ ટ્રો પેક... ડીસીન એન્ડ હાઇજીન, લંડનમાં
એમ.એસ ... ડિમીયોલાજી ... થવાનાં કારણો, વ્યાપ અને
પરિણામ ... અંગે પા... તબીબી વિજ્ઞા... તથા અન્ય કોર્સીઝ માટે અમેરિકા
ણવા ... કો... કરીને પાછ... બાદ તેમણે ૧૯૮૭ માં સ્થાપેલ
સ્ટ ફોર ... ચીંગ ... મનરીચ્ડની ... કામગીરી માટેનું ક્ષેત્ર નક્કી કરી
૪/૪/૧ ૮૯ ના ... શિવરાજપુ... તારમાં કોમ્યુનીટિ હેલ્થ કાર્યક્રમ
રૂ કર્યો

ડૉક્ટરોને ઉચિત ... તબીબી સેવ... આપવા અંગે પ્રેરિત કરવા ખાસ
ક્ષણિક પ્રવૃત્તિઓ... આયોજન કા... માં તેઓ અગ્રેસર રહ્યા. તેમ જ
દર્દીઓએ ઇજેક્શન કે ગ્લુકોઝન બ... કે ખાસ ઉપયોગી ના હોય તેવી

દવાઓના ઉપયોગથી કેવી રીતે બચવું તેના શૈક્ષણિક પ્રયોગો તેમણે લોકોસ્ટથી શરૂ કરીને લોકસ્વાસ્થ્ય મંડળ (ટુ) દ્વારા ચાલુ જ રાખ્યા. આમ દર્દીઓને બિનજરૂરી ખર્ચમાંથી ઉગારી લેવાની કઠિન કામગીરી હજી પણ તેઓએ ચાલુ રાખેલ છે. આ પ્રક્રિયા દરમ્યાન તેમણે ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશન અને ૧૯૮૮ થી નવી સ્થાપના થયેલ સોસાયટી ફોર રેશનલ થેરાપી દ્વારા વિવિધ તબક્કાના તબીબી કાર્યકરો તથા દર્દીઓ માટે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો તેમણે અન્ય મિત્રોની સાથે યોજ્યા હતા.

નિમિત્તાબેન ભટ્ટ ૧૯૭૩-૭૪ માં ગુજરાતમાં નવનિર્માણ ચળવળમાં ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન તથા તરૂણ શાંતિ સેના દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમોમાં નિયમીત સહભાગી બન્યા હતા. ત્યારથી જ ગાંધી વિચારધારા અંગેના કેટલાક પુસ્તકોનું વાંચન તથા અભ્યાસ વર્તુળોમાં ચર્ચા-વિચારણામાં સક્રિય રહી તેમનું વૈચારિક માળખું ઘડાયું હતું. ૧૯૭૫ માં રાષ્ટ્રીય કટોકટીના સમયમાં પણ હિંમતપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહ્યા. સાથે સાથે મેડીકો ફ્રેંડસર્કલ તથા તરૂણ શાંતિ સેનાની પ્રવૃત્તિઓ આગળ વધે તેના પ્રયત્નો સાથે સક્રિય રહ્યા. ૧૯૭૬-૭૭ માં જર્નાલિઝમનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૭૮ માં પ્રયાસ માંગરોળની સઘન પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. ત્યાં બહેનો અને બાળકો અંગેની વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ ભાગીદારીથી ગ્રામ વિકાસના કામો શરૂ કર્યા હતા. ત્યારબાદ ૧૯૮૨ થી આર્ચની સ્થાપના વખતે સ્થાપક સભ્ય તરીકે સઘન આરોગ્ય-પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય બન્યા. ત્યારથી વિવિધ પ્રવૃત્તિઓમાં મંડ્યા રહી તેમણે બેનોનું સંગઠન, આવકલક્ષી (અંબર ચરખા) પ્રવૃત્તિઓ, શાળામાંથી ઊઠી ગયેલા બાળકોને માટે ભણતર સાથે ગણતરની પ્રવૃત્તિઓ, નાના બાળકો અને બેનોને માટે સ્વાસ્થ્યલક્ષી પ્રવૃત્તિઓ, ડિગ્રી વિના પણ ડૉક્ટરી વિદ્યા શીખી તે જ્ઞાનથી લોકોને મદદરૂપ થવા ગ્રામ્ય કાર્યકરો તૈયાર કરવા, વગેરે કામગીરીઓ પૂરા ખંત, મહેનત અને આવડતથી કરવામાં પાછું વાળીને જોયું નહિ.

મણે ૧૯૮૫ માં માંગરોળ છોડીને વડોદરામાં લોકોસ્ટ સંસ્થામાં મગીરી શરૂ કરી. તે સમયે દવાઓના ઉચિત ઉપયોગ અંગે શૈક્ષણિક વૃત્તિઓ યોજવાની પ્રવૃત્તિ કરવાનું તેમણે પસંદ કર્યું. આ નવા પડકારને ીલવા તેમણે તબીબી શાસ્ત્રના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરવા માંડ્યો. નરલ મેડીસીન, પીડીયાટ્રીક, ફાર્મેકોલોજી, વગેરેના અભ્યાસ માટે મણે સ્વઅધ્યયનની રીત અપનાવી. ના સમજાય તે બધું તેઓએ મેડીકલ લેજના પ્રાધ્યાપકો સાથે ચર્ચા અને પૃચ્છા દ્વારા મેળવ્યું. આમ લગભગ માસના કઠિન પરિશ્રમના અંતે તેઓ જાતે શીખેલા જ્ઞાનથી ઉચિત દવા-પયોગ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ ડૉક્ટરોથી માંડીને દર્દીઓ, ભણેલા કે ભણ માણસો, કાર્યકરો કે ગ્રાહકો માટે યોજવાની પહેલ આખા ભારતમાં હેલીવાર વડોદરામાં યોજવામાં નિમિત્તરૂપ/ચાવીરૂપ કાર્યકર બન્યા. વિવિધ પ્રવૃત્તિઓનું સંકલન તથા સંગઠન કરતાં કરતાં તેમણે વડોદરા હેરમાં તબીબો અને અન્યક્ષેત્રોના કાર્યકરો/નિષ્ણાતોને આ પ્રવૃત્તિમાં સ લેતા કર્યા. જર્નાલિઝમનો અભ્યાસ તેમને અહીં ખૂબ ઉપયોગી ીવડ્યો. અંગ્રેજી છાપામાં કોલમ લખવી, સ્થાનિક પેપરોમાં માહિતી પૂરી ાડવી, વિવિધ વિષયો પર ટેકનીકલ/મેડીકલ મટીરીયલ લખવું/સંકલન રવું વગેરે કામો તેમના હાથે થયા. તદ્ઉપરાંત ''આપણું સ્વાસ્થ્ય'' ામની લોકશિક્ષણ માટેની માસિક પત્રિકા-સામયિક તેમણે શરૂ કર્યું અને થમ બે વર્ષ બરાબર ચલાવ્યું. ૧૯૮૯ માં એ કામ છોડ્યું ત્યારે તેની ાહક સંખ્યા ૩૫૦૦ ઉપરાંત સુધી પહોંચી હતી. ત્યારબાદ વડોદરામાં ોસાયટી ફોર રેશનલ થેરાપીની સ્થાપનામાં પણ તેમનો સહભાગ રહ્યો. ના નેજા હેઠળ ડૉક્ટરો માટેનું વૈજ્ઞાનિક માહિતી સભર દ્વિમાસિક ુલેટીન શરૂ કરવામાં તેઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો તથા તેના તેઓ ી-એડીટર તરીકે બે વર્ષ સુધી કામગીરી બજાવી. ૧૯૮૭ માં ટ્રસ્ટ ફોર ર્ચીંગ ધ અનરીચ્ડની સ્થાપના અન્ય મિત્રો સાથે તેમણે કરી હતી. ૯૮૯ માં લોકોસ્ટ છોડીને ટુ (લોકસ્વાસ્થ્ય મંડળ) સંસ્થાનું સૂકાન મણે પૂરા સમયથી સ્વીકાર્યું.

નિમિત્તાબેન ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશનની કામગીરીમાં ૧૯૮૪-૮૫ થી સંકળાયેલા હતા. શરૂઆતમાં કારોબારીના સભ્ય, માનદ્ ટ્રેઝરર અને ત્યારબાદ માનદ્મંત્રી તરીકે તેમણે ૧૯૯૮ સુધી સાતત્યપૂર્વક સેવાઓ આપી હતી. ૧૯૮૯ માં ટુની કામગીરી અને તેનું કાર્યાલય વડોદરામાં શરૂ કર્યું, ત્યારથી ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશન ટુની પ્રવૃત્તિ હોય તેટલા જ ખંત અને ઉત્સાહથી તેમણે ચલાવી. તેમનો લગભગ અર્ધો સમય ટુમાં અને અર્ધો ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશનના કામોમાં વહેંચાયેલો રહેતો. વિવિધ ક્ષેત્રોમાં વિવિધ રીતે આખા ગુજરાતની અલગ અલગ ૨૦૦ જેટલી સંસ્થાઓને આરોગ્યલક્ષી તરેહવારની પ્રવૃત્તિઓમાં જોડવાનું શ્રેય તેમના ભાગે જાય છે. આ પછીના વિભાગમાં ટુના સહભાગ તરીકે તેમની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ આપેલ છે.

૩. ટ્રસ્ટ ફોર રીચીંગ ધ અનરીચ્ડ (ટ્રુ) ની બે દાયકાની સફર

ટ્રુ સંસ્થાએ દૂર સુદૂરના અંતરિયાળ પ્રદેશોમાં ડુંગરાઓ અને જંગલોની વચ્ચે વસેલા લોકોને આરોગ્ય સેવાઓ કેવી રીતે પહોંચી કરવી તે અંગે બીડું ઉઠાવ્યું. બીજા સરળ પ્રદેશોમાં કામ કરી શકવાની તક હોવા છતાં ટ્રુના સ્થાપકો અશ્વિનભાઈ અને નિમિત્તાબેને શિવરાજપુર અને તેની આજુબાજુનો જંગલ પ્રદેશ આ કામ માટે પસંદ કર્યો. તે સમયે એક ગામથી બીજા ગામ જવા માટે પબ્લીક કે પ્રાઈવેટ સાધનો નહીંવત મળતા. વડોદરાથી શિવરાજપુર



પહોંચવાનો રસ્તો એટલો બધો ખરાબ કે પોતાના વાહનથી પણ ૬૫ કિમી જતાં સાડા ત્રણ-ચાર કલાક થતા. અગાઉ જણાવ્યા પ્રમાણે ગાંઠે ગરથમાં ફક્ત વિદ્યા અને હૈયામાં હામ ભરી આ જંગલ વિસ્તારોમાં કામ શરૂ કરતા પહેલા કેટલાક આછા-પાતળા સંપર્ક ધરાવતા આ વિસ્તારના મિત્રોને મળ્યા. ત્યારે સૌએ કહ્યું કે ''ભીલ વિસ્તારોમાં કામ કરવું સારું પણ આ વિસ્તારના લોકો સાથે પનો પાડવાનું કામ અઘરું છે.'' ''તમે નહીં ટકો અહીં''... ''ચાલો અમે તમને હજી વધુ જરૂરિયાતવાળો વિસ્તાર બતાવીએ ત્યાં કામ કરજો''... વગેરે વગેરે સૂચનોની વચ્ચે અમે ઢાઢર નદીના મૂળ પાસેના જંગલોમાં લગભગ ૧૦ ગામોમાં કામ શરૂ કર્યું. ત્યાર પછીની સંસ્થાની સફરજલ સાથે આપેલ કોઠામાં બતાવી છે.

પંચમહાલમાં બે દસકા

૨૦૦૩-૨૦૦૯
સર્વાંગીણ સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ, પાવીજેતપુર-૩૩ ગામોથી શરૂ કરીને ૫૫ ગામોમાં પહોંચાડ્યો, પંચમહાલના કામમાં નવા ગામોનો ઉમેરો- હવે ૮૦ ગામોમાં આરોગ્યની સઘન કામગીરી.

↑

૨૦૦૩-૨૦૦૫
કોમી એખલાસ શિક્ષણ અને સાબરકાંઠામાં ૬ ગામોમાં પુનર્વસન કામગીરી, શિવરાજપુરમાં માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ શરૂ

↑

૨૦૦૧-૨૦૦૫
કચ્છ જિલ્લામાં ૫૮ ગામોમાં ભૂકંપ રાહત અને ૪૦ ગામોમાં પુનર્વસન કાર્યક્રમ [illegible] આવાસો, ૭૦૦ પાકા અર્ધકાયમી આવાસો, ૧૭ ગામોમાં સામુદાયિક કેન્દ્રો, ૧૨ ગામોમાં પીવાના પાણીની યોજનાઓ, સ્વાસ્થ્ય અને પૂરક શિક્ષણ કાર્યક્રમ

↑

[illegible]-૨૦૦૦
૧૫૦ ગામોના સ્ત્રીઓ દવાખાનાઓમાં [illegible] સુવિધાઓનો ઉપયોગ કરતા થયા, જરૂરિયાતવાળાને માટે દ્વિતિય સ્તરની સેવાઓમાં રેફરલ વ્યવસ્થા.

↑

૧૯૯૨-૧૯૯૮
રોગોનો ફેલાવો અટકાવવા માટે અને ખુશહાલી માટે વિવિધ પ્રકારના શિક્ષણના કામો, જાગૃતિ મેળા, પ્રદર્શન, નિદર્શન, વિગેરે, શિવરાજપુર વિસ્તારમાં ૪૦ ગામોમાં સઘન કામગીરી, પાંચ ગામોમાં પૂરક પ્રાથમિક શિક્ષણ, ૫૦ સ્વસહાય જૂથોમાં બચત-ધિરાણ કામગીરી

↑

૧૯૮૯-૧૯૯૧
પંચમહાલના હાલોલ તાલુકામાં શિવરાજપુર વિસ્તારમાં ૨૦ ગામોમાં આરોગ્ય સેવા દ્વારા સાતત કાર્યની શરૂઆત, સ્ત્રીસંવેદનશીલતાના કામો

વડોદરા શહેરમાં બે દાયકાની કામગીરી

[illegible]
રાહત નિદાન કેન્દ્રમાં સેવાઓ વધારી ઇકોકલર ડોપલરથી નાના બાળકો અને ઇકોકાર્ડીયોગ્રામ, [illegible] સુવિધા રાહત ભાવથી

↑

[illegible]
પાદરા તાલુકાના ૧૫ ગામોમાં સ્વાસ્થ્ય કાર્યક્રમ તથા સંગત [illegible] અભિયાન, વડોદરામાં રાહત નિદાન કેન્દ્રની સેવાઓનો આરંભ, એક્સ-રે, [illegible], પેથોલોજીકલ લેબોરેટરીની સુવિધા રાહત ભાવથી ઉપલબ્ધ

↑

[illegible]
[illegible] માટે આવકવાળી કામગીરી [illegible] પાપડ બનાવવા, [illegible] મંડળીની સ્થાપના, ગ્રુપ [illegible] સંગઠન, [illegible] લીંકેજ,

↑

[illegible]
[illegible] માટે વધતિ કેન્દ્રો [illegible] કેન્દ્રમાં વિવિધ કામગીરી, સ્વાસ્થ્ય [illegible] આયોજન,

↑

[illegible]
શહેરી ઝૂંપડપટ્ટીમાં સ્વાસ્થ્ય કાર્યક્રમ, સમગ્ર ગુજરાતમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના કાર્યક્રમોનું માર્ગદર્શન, સંકલન તથા તાલીમના કામો, સ્ત્રી સ્વાસ્થ્ય ક્ષેત્રે નારીવાદી જૂથો સાથે સક્રિય સહભાગ તથા હિમાયતના કામો,

↑

૧૯૮૭-૧૯૯૦
રેશનલ થેરાપી - દવાઓના સાચા અને ઉચિત ઉપયોગ અને વિવિધ કાર્યક્રમો અને તાલીમોનું આયોજન, [illegible] સ્તરે ૨૦૦ સંસ્થાઓને સ્વાસ્થ્ય કાર્યક્રમ બાબતે સલાહસૂચન, તાલીમ અને મદદ માટે નેટવર્કનું સંચાલન,

↑

ટ્રસ્ટ ફોર રીચીંગ ધ અનરીચ્ડ - લોકસવાસ્થ્ય મંડળ, ૧૯૮૭ માં સ્થાપના

. શિવરાજપુર વિસ્તારમાં સમગ્ર સ્વાસ્થ્ય કાર્યક્રમ

આપણું સ્વાસ્થ્ય આપણા હાથમાં'' એ સિદ્ધાંતને લોકો અમલમાં મૂકી શકે માટે ૧૯૮૯ થી અત્યાર સુધીમાં લગભગ ૧૦૦ ગામોમાં નીચેની પ્રવૃત્તિઓ ોજી શક્યા છીએ.

.૧ સામૂદાયિક સ્વાસ્થ્ય

- ગામેગામ ગ્રામ આરોગ્ય કાર્યકરની સેવાઓ દ્વારા સામાન્ય દવા-ગોળી તથા રોગ ના થાય તે અંગેનું પાયાનું શિક્ષણ, ગંભીર રોગોના નિદાન માટે સાચી સલાહ તેમજ બહેનો અને બાળકોના સ્વાસ્થ્ય માટેની વિવિધ પ્રવૃત્તિઓ પ્રત્યેક ઘર સુધી પહોંચાડવી.
- ચાર જગ્યાઓએ જંગલ વિસ્તારમાં ડીસ્પેન્સરીઓ ચલાવવી.
- પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપરાંત આગળની જરૂરિયાતો માટે દર્દીઓને સચોટ સારવાર મળી શકે તે માટે હાલોલ, વડોદરાના સંપર્ક કેન્દ્રોમાં મોકલવાથી તમામ પ્રકારની તબીબી સેવાઓ વિના મૂલ્યે કે રાહતભાવથી દર્દીઓને ઉપલબ્ધ કરાવી શક્યા છીએ.
- સ્ત્રીસ્વાસ્થ્યના પ્રશ્ને ઉજાગર એવા ટુના કર્મઠ કાર્યકરો દ્વારા ગ્રામ્ય સ્ત્રીઓના ૫૦ થી વધુ સ્વસહાય જૂથો દ્વારા બચત-ધિરાણ પ્રવૃત્તિઓ ૧૦ વર્ષ સુધી યોજી હતી. આરોગ્ય શિક્ષણ તથા કન્યા શિક્ષણ અંગે જાગૃતિ આવે તેવા પ્રયત્નો સઘન રીતે ચાલી રહ્યા છે.
- કિશોર-કિશોરી સ્વાસ્થ્ય માટે વિસ્તારની ૨૦ થી વધુ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ તથા મેળાઓનું આયોજન થાય છે. લગભગ ૫૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં ઘો. ૬-૭ ના બાળકો માટે સામાન્ય આરોગ્ય શિક્ષણ, વખતોવખતની શિબિરો યોજવી, વિજ્ઞાન પ્રવૃત્તિઓ માટે લોકવિજ્ઞાન કેન્દ્ર ચલાવવું, વગેરે થઈ શક્યું છે.
- ''આરોગ્ય જ્ઞાન કસોટી'' દ્વારા દર વર્ષે ૭૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ આરોગ્ય વિજ્ઞાન શીખે છે અને ટુ દ્વારા યોજાતી પરિક્ષા આપે છે.
- વખતોવખત આરોગ્ય શિક્ષણ સામગ્રી પ્રકાશિત થાય છે. તે સામગ્રી દ્વારા સમગ્ર સ્વાસ્થ્ય કાર્યક્રમની કામગીરી સરળ બને છે.

૪.૨ માનસિક સ્વાસ્થ્ય અભિયાન

ટુ દ્વારા શિવરાજપુર વિસ્તારમાં ચાલતી કામગીરી દરમિયાન માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રે પ્રવર્તતી તકલીફો પર ધ્યાન ગયું. આદિવાસી વિસ્તારોમાં પણ માનસિક તણાવ અને ના ઉકેલી શકાય તેવા પ્રશ્નોથી ઘેરાયેલ ખેડૂત કે ખેત મજૂરોને આપઘાતના માર્ગ અપનાવતા જોયા. આવા લોકોને મદદરૂપ બનવા સંસ્થા દ્વારા તબીબી સેવાઓ સાઇકીયાટ્રીસ્ટ દ્વારા પૂરી પાડવી તથા સામાન્ય સ્વાસ્થ્યના કાર્યકરોને દર્દીઓના પુનર્વસન માટે સારવાર તથા આધારરૂપ કાઉન્સેલીંગ માટે કાર્યાન્વિત કરેલ છે. સન ૨૦૦૪ થી શરૂ કરી અત્યાર સુધીમાં લગભગ ૧૦૦૦ જેટલા દર્દીઓને સેવાઓ પહોંચાડી શક્યા છીએ તથા સઘન શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું છે. જેમાં સ્થાનિક સ્તરે હાટ-બજારોમાં પ્રદર્શન, ભગત-ભૂવા સંમેલનો, જાગૃતિ પદયાત્રા, આગેવાન તાલીમો, વગેરે મુખ્ય છે.

છેલ્લા ૬ માસથી ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હાલોલ અને જાંબુઘોડા બે તાલુકાઓમાં માનસિક સ્વાસ્થ્યની પ્રવૃત્તિઓ ચાલુ કરવા માટે ટુને પ્રોત્સાહિત કરેલ છે. તે પૈકી હાલોલ શહેરમાં અને જાંબુઘોડામાં બન્ને જગ્યાએ નવી ઓપીડી ચાલુ કરેલ છે અને સમગ્ર તાલુકામાં સરકારી માળખામાં કામ કરતા ''આશા'' બેનોને આ પ્રવૃત્તિમાં જોડવા તાલીમોનું આયોજન થયું છે. તદુપરાંત (જાંબુઘોડા, હાલોલ, કાલોલ) ત્રણ તાલુકાઓના સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉક્ટર્સ તથા નર્સીંગ સ્ટાફની તાલીમો પણ યોજવામાં આવી હતી.

૩ કુરાલ (પાદરા વિસ્તારમાં) આરોગ્ય કિરણ પ્રોજેક્ટ

મુદાયિક સ્વાસ્થ્યની કામગીરી પાદરા તાલુકાના કુરાલ વિસ્તારના ૧૬
મોમાં પણ પહોંચાડી શક્યા છીએ. અહીં શિવરાજપુર વિસ્તારમાં ચાલે છે
ી જ પ્રવૃત્તિઓ ઉપરાંત જાહેર સ્વચ્છતા અને અંગત સ્વચ્છતાના કેટલાક
મો પણ ટુ દ્વારા યોજયા છે અને હજી ચાલી રહેલા છે. અહીં સરકારી
રોગ્ય સેવાઓના પૂરક બનીને માતૃબાળ સ્વાસ્થ્યની કામગીરી અંગે ખાસ
ીને નવજાત શિશુ સંભાળ તેમજ બે વર્ષથી નાના બાળકોમાં કુપોષણ દૂર
વા માટે તથા કુપોષણ થતું અટકાવવા માટે પ્રવૃત્તિઓનું આયોજન કર્યું
નવ ગામોમાં સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે જરૂરિયાતમંદ કુટુંબો માટે
વણિયા (બાથરૂમ) બનાવવામાં આવેલ છે. આગામી વર્ષોમાં પણ
વચ્છતા અભિયાન દ્વારા મોડેલ ગ્રામ સ્વચ્છગ્રામ યોજનાને મૂર્ત કરવાનું
ાયોજન કરવામાં આવેલ છે.

૫. પૂરા થયેલા મહત્ત્વના કાર્યક્રમો

૫.૧ ૨૦૦૧ માં કચ્છમાં ધરતી કંપમાં ટુની કામગીરી

ટુના કેટલાક અવિસ્મરણીય કાર્યક્રમોમાં ભૂકંપ પુનર્વસન અને ભૂકંપ રાહતના કામો મૂકવા પડે. ફેબ્રુઆરી ૨૦૦૧ થી શરૂ કરીને છ વર્ષ સુધી ભૂકંપ રાહત અને પુનર્વસનના કામો ૪૨ ગામોમાં યોજયા. તેમાં લાંબા સમયના ગ્રામવિકાસના પરિપ્રેક્ષ્યથી રાપર તાલુકાના બાલાસર વિસ્તારના ગામોમાં સ્વાસ્થ્ય કાર્યક્રમ, પૂરક શિક્ષણ વર્ગો, ૧૯૦૦ થી વધુ હંગામી ઈકોફ્રેન્ડલી આવાસો, ૭૦૦ થી વધુ અર્ધકાયમી ભૂકંપ રેસીસ્ટંટ આવાસો, ૧૨ ગામોમાં પીવાના પાણીની યોજનાઓ (બંધ, તળાવડા, પાઈપલાઈનો વગેરે), ૧૭ ગામોમાં શિક્ષણ કેન્દ્રો, બે ગામોમાં સેનીટેશન પરત્વે શૌચાલય અને નાવણિયા બનાવવાની પ્રવૃત્તિઓ તથા ૧૨ ગામોમાં પાણી અને જાહેર સ્વચ્છતા સમિતિઓની સ્થાપના અને તાલીમો યોજી હતી. આ તમામ માટે સંસ્થાએ ૨૦૦૬ સુધી કચ્છમાં સઘન કામ કર્યું અને વિશેષ અનુભવનું ભાથું મેળવ્યું. ફેબ્રુઆરી ૨૦૦૭ માં આ કામ આટોપી લીધું.

.૨ ૨૦૦૩ માં કોમી એખલાસ પ્રવૃત્તિ

૦૦૨-૦૩ ના રમખાણો દરમ્યાન અસર પામેલા કેટલાય કુટુંબોને જબરજસ્ત શ્ન આપણા સૌની સામે હતો. ત્યારે શિવરાજપુર વિસ્તારમાં કોમી એખલાસનું ાતાવરણ બનાવવા માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી. સાબરકાંઠાના કેટલાક ામોમાં એક પ્રોજેક્ટ ઓક્સફામ સંસ્થાની મદદથી ટ્રુ સંસ્થા દ્વારા યોજ્યો. માં ગામ છોડવા મજબૂર થયેલા કુટુંબોને ગામોમાં એખલાસનું વાતાવરણ ર્જી પાછા વસાવ્યા અને તેમની ઘરવખરી, ઘર તથા અન્ય જરૂરિયાતો પૂરી રી. અમને એ વાતનો સંતોષ છે કે આ ઘરો હજી સુધી તે જ કુટુંબ વાપરી રહ્યા છે અને ગામમાં અત્યારે તેઓ કોઇ તકલીફ વગર સારી રીતે રહે છે. સાબરકાંઠામાં ઇડર પાસે કુલ ૬ ગામોમાં આ પ્રવૃત્તિ ટ્રુએ કરી હતી અને તે રત્વે કુલ એકસોથી વધુ કુટુંબોને અલગ અલગ રીતે મદદ પહોંચાડી હતી.

૫.૩ હાઇવે પુનર્વસનમાં કામગીરી

સન્ ૨૦૦૪ - ૨૦૦૬ સુધી ચાલેલી આ કામગીરી હેઠળ ગુજરાતમાં ૯ મુખ્ય રસ્તાઓને પહોળા કરવાનું તથા દ્રઢિકરણનું કામ ગુજરાત સરકારે કર્યું હતું. તેમાં પુનર્વસન પેકેજ અસરગ્રસ્તો સુધી બરાબર પહોંચે તે રીતે ગોઠવવાની કામગીરી એનજીઓ તરીકે ટ્રુને સોંપવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન ૫૫૦ જેટલા કુટુંબોને વર્લ્ડ બેન્કના નક્કી કરેલા ધારા-ધોરણો મુજબ પુનર્વસિત કરવામાં આવ્યા, સહાય પહોંચાડવામાં આવી, કેટલાક ભાઇઓ-બેનોને તાલીમો આપવામાં આવી તથા વ્યવસાયિક માર્ગદર્શન આપવામાં આવ્યું. આમ, હાઇવે બનવાથી વિસ્થાપિત થતા કુટુંબોને લાંબા ગાળાનો લાભ થાય તે રીતે પુનર્વસન માટે પ્રયત્ન કરવામાં આવ્યા છે. ૫૫૦ પૈકી લગભગ એકસોથી વધુ અસરગ્રસ્ત ભાઇઓ-બેનોને નવી જગ્યાએ ખસેડવામાં આવ્યા છે. ૪૫-૫૦ અસરગ્રસ્તોને વ્યવસાયિક તાલીમ આપવામાં આવી છે અને પચાસેક કુટુંબોમાં વ્યવસાયલક્ષી તાલીમ ગોઠવીને નવા ધંધા માટે સાધનો પણ આપવામાં આવ્યા હતા.

વડોદરામાં સમા વિસ્તારમાં પોલીકલીનીક

વિસ્તારમાં અનસૂયા છત્રપતિ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ પૈકી બે મુખ્ય ીઓએ ટુનો સંપર્ક કર્યો હતો અને બન્ને સંસ્થાઓને એક કરવા તથા તેમની મ અસ્કયામત સાથે ટુમાં ભળી જવાની પ્રપોઝલ મૂકી હતી. પરંતુ અનસૂયા નું અસ્તિત્ત્વ અખંડ રાખીને તેની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે ટુ સંસ્થાના પક ટ્રસ્ટીઓ તેમાં જોડાયા. ત્યારથી અત્યાર સુધી એ સંસ્થામાં પણ ોગ્ય કાર્યકર તાલીમો તથા દવાખાના ચલાવવામાં આવે છે. નેચર ક્યોર ત્તિઓ, આયુર્વેદિક દવાખાનુ, જનરલ રોગનું દવાખાનું, સર્જીકલ કામગીરી, નેક સર્જરી, ફિઝીયોથેરાપી સેન્ટર, દંતચિકિત્સા, ઓર્થોપેટીક, આંખનું ખાનુ વગેરે નિષ્ણાત તબીબોની સહાયથી ચલાવવામાં આવ્યા. તે પૈકી ફિઝીયોથેરાપી, દંતચિકિત્સા, હોમિયોપથી, વગેરે ચાલુ છે. આ ીક્લિનીકમાં ઘણાં જ ઉતાર-ચઢાવ સહન કરવાના આવ્યા છે. પરંતુ પ્રવૃત્તિ ુ રહી શકી છે તેજ આનંદની વાત છે.

૭. વડોદરા શહેરની ઝૂપડપટ્ટી વિસ્તારોમાં કામ

૧૯૯૧ ના ડીસેમ્બર માસથી શરૂ કરીને ૧૯૯૯ સુધી વડોદરા શહેરના ૧૩ સ્લમ વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, બાળકોમાં રચનાત્મક પ્રવૃત્તિ કેન્દ્ર, વિજ્ઞાન પ્રવૃત્તિ, બંગલે કામ કરતી બેનોનું સંગઠન, બચત-ધિરાણ પ્રવૃત્તિઓ, આવકલક્ષી પ્રવૃત્તિઓ અંગે તાલીમો, ગ્રુપ વિમા યોજના વગેરે ચલાવવામાં આવ્યું. તે સમયે બનેલ સ્વસહાય જૂથોને સ્વતંત્ર બનાવવા માટે અન્ય કામગીરી સાથે જોડ્યા. તે સમયે એક સહકારી મંડળી પણ બની હતી જે દસેક વર્ષ ચાલી અને હાલ બંધ પડી છે. આમ વિવિધ પ્રયોજનો સાથે ટુ સંસ્થાએ સ્લમ વિકાસની પ્રવૃત્તિઓ ગોત્રી વિસ્તારમાં ઉત્સાહપૂર્વક યોજી હતી.

આ કાર્યક્રમમાં વડોદરા શહેરમાં નારીવાદી જૂથો સાથે મળીને સ્ત્રી સશક્તિકરણનો વિશેષ કાર્યક્રમ ચલાવવામાં આવ્યો. આ પરત્વે સ્ત્રીભૃણ હત્યા વિરોધી ઝૂંબેશ, સ્વાસ્થ્ય સેવાઓમાં સ્ત્રીઓ પ્રતિ હિંસા બાબત શિક્ષણ/તાલીમો, વૈકલ્પિક માધ્યમો દ્વારા સ્વાસ્થ્ય શિક્ષણ, ચાઈલ્ડ ટુ ચાઈલ્ડ આરોગ્ય શિક્ષણ કાર્યક્રમ, શાળા સ્વાસ્થ્ય કાર્યક્રમો, વગેરે યોજવામાં આવતા હતા. સતત નવ વર્ષ સુધી ચાલેલી આ બધી પ્રવૃત્તિઓને લીધે સ્વૈચ્છિક સંસ્થાઓમાં એક નવી તરાહની પહેલ થઈ શકી હતી.,

૮. વડોદરા શહેરમાં રાહત નિદાન કેન્દ્ર

એક્સ રે, સોનોગ્રાફી, પેથોલોજીના તમામ ટેસ્ટ, વગેરે સામાન્ય અને ઓછી સંપત્તિવાળા કે ગરીબ તબક્કાના લોકો માટે અત્યંત મોંઘા સાબિત થઈ રહ્યા છે. ઘણા દર્દીઓ નિદાન માટેના ટેસ્ટ ના કરાવી શકે માટે ડૉક્ટરની સારવાર માટે જઈ શકતા નથી. આવા દર્દીઓને મદદ થાય તે હેતુથી સામાન્ય કરતા અર્ધા ભાવથી કે તેથી પણ ઓછા યોગદાન દ્વારા દર્દીઓ અમારા બે કેન્દ્રોમાં સેવાઓ લઈ શકે છે.

તદ્દન સસ્તી અને સારી ઉંચી ગુણવત્તાવાળી વિવિધ સેવાઓ રાહત નિદાન કેન્દ્રમાં ઉપલબ્ધ છે. એક્સ રે સાદા મશીનના અને ડીજીટલ એક્સ-રે (કોમ્પ્યુટર પદ્ધતિ દ્વારા); સોનોગ્રાફી સાદા મશીનથી અને કલર ડોપલર મશીનથી; તથા લેબોરેટરીમાં લોહી, ઝાડો, પેસાબ વગેરે તપાસ અદ્યતન મશીનથી સંસ્થાના બે કેન્દ્રોમાં ઉપલબ્ધ કરવામાં આવે છે.

૯. ટ્રુ દ્વારા નેટવર્કીંગના પ્રયત્નો

ટ્રુના કાર્યકારી નેતૃત્ત્વ શરૂઆતથી જ સઘન કાર્યોની સાથે નેટવર્કીંગ દ્વારા અન્ય સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ સાથે વૈચારિક આપલે તેમજ કાર્યકારી સહયોગમાં સક્રિય રહ્યા છે. સ્થાનિક, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓ સહભાગી રહ્યા હતા. ગુજરાતમાં સક્રિય નેટવર્કીંગની શરૂઆત ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ એરીયા પ્લાનીંગ અને ત્યારબાદ ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશન દ્વારા થઈ હતી.

૯.૧ ગુજરાત વૉલન્ટરી હેલ્થ એસોસિએશનમાં ટ્રુની કામગીરી

આ કામગીરી ટ્રુ સંસ્થાની સ્થાપના પહેલાં પણ ડૉ. અશ્વિનભાઈ અને નિમિત્તાબેન કરતા હતા. પરંતુ ટ્રુની સ્થાપના પછી તેને વિશેષ બળ મળ્યું. જીવીએચએમાં વિવિધ સ્તરે ૧૦ વર્ષ (૧૯૮૮ થી ૧૯૯૮) સુધી નેતૃત્ત્વ પૂરું પાડ્યું, અને તે ગુજરાત કક્ષાએ ગણમાન્ય નેટવર્ક બન્યું. તેની સભ્ય સંસ્થાઓ પ્રગતિશીલ કાર્યક્રમો અપનાવે તે માટે સઘન આદાન-પ્રદાન તથા તાલીમોનું આયોજન નિયમીત રીતે કરવામાં આવતું હતું. ગુજરાતમાં આરોગ્ય સેવાઓને દવાખાનાની ચાર દિવાલોમાંથી બહાર લોકો સુધી પહોંચાડવાના કામો પહેલવહેલા ટ્રુના સ્થાપકોના પ્રયત્નોથી ચાલુ થઈ શક્યા. ત્યારબાદ દવાઓના ઉચિત ઉપયોગ માટેની તમામ પ્રવૃત્તિઓમાં તેની સભ્ય સંસ્થાઓને પહોંચવાનું કઠણ કામ થઈ શક્યું. એંસીના ઉતરાર્ધ અને નેવુના દાયકાની શરૂઆતથી જ સ્ત્રીસ્વાસ્થ્ય બાબતે સઘન ક્ષેત્રોમાં કામ કરનારી સંસ્થાઓને ફેમિનીસ્ટ સંસ્થાઓની પ્રવૃત્તિઓ સાથે જોડવાની કામગીરી થઈ શકી. તે માટે ઉદાહરણરૂપ પ્રવૃત્તિઓ છે - સ્ત્રીભૃણ હત્યા વિરોધી કાયદો લાવવા માટે આંદોલન અને કાયદાનો મુસદ્દો ઘડવાનું કામ થયું, સ્ત્રીઓ માટે વપરાતી કેટલીક દવાઓ પૈકી ઇ.પી. ફોર્ટ નામની દવાઓ સામે ઉપાડો લીધો, કુટુંબનિયોજન માટે વપરાતી નુકસાનકારક પદ્ધતિઓ અંગે જાહેર ચળવળમાં સંસ્થાઓને જોડવામાં આવી. બેજીંગ કોન્ફરન્સમાં નિમિત્તાબેન દ્વારા કિશોરી સ્વાસ્થ્ય અને સામાન્ય સ્વાસ્થ્ય માટે આંતરરાષ્ટ્રીય સહમતીના મુસદ્દામાં બે

પ્રકરણોમાં હિમાયત પહોંચાડી શક્યા, વગેરે. ૧૯૯૩ માં પંચાયતી રાજ કાયદામાં સુધારો કરવામાં આવ્યો ત્યારે સૌ પ્રથમ ગ્રામ પંચાયતોને ગ્રામ્ય આરોગ્ય કાર્યકરો દ્વારા સમગ્ર સ્વાસ્થ્યના કામમાં જોડવા માટે તળ આયોજન કરી શકાયું હતું. ટુ દ્વારા તાલીમ પામેલા વિવિધ તબક્કાના લગભગ ૧૫૦૦ થી વધુ કાર્યકરો હજી પણ વિવિધ સંસ્થાઓમાં આરોગ્ય સેવાઓ આપી રહ્યા છે.

૧૯૮૮ થી ૧૯૯૮ સુધી દર વર્ષે આરોગ્ય રક્ષક સંમેલનોમાં છેક ગ્રામતળમાં કામ કરતા ગ્રામ્ય આરોગ્ય કાર્યકરોને મોટી સંખ્યામાં જોડવામાં આવ્યા અને આરોગ્ય અંગે નિસબતના વિષયોમાં તેઓને જાગૃત કરવામાં આવ્યા હતા. તદુપરાંત પાયાના અને મધ્યસ્તરના આરોગ્ય કાર્યકરો, સામાજિક કાર્યકરો, નર્સબહેનો, ડૉક્ટરો, વગેરેની નિયમીત્ તાલીમો યોજીને આરોગ્યના વિવિધ પાસાંઓ બાબત જાગૃતિ તથા કાર્યલક્ષી આવડત વધારવાની કામગીરી પણ કરી શક્યા હતા. આમ ટુ દ્વારા જી.વી.એચ.એ.ની સભ્ય સંસ્થાઓને નેટવર્કીંગ દ્વારા ''સૌને માટે આરોગ્ય'' ની ચળવળમાં સક્રિય બનાવવા માટે ભરસક પ્રયત્નો તથા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા.

૯.૨ જનસ્વાસ્થ્ય સભા

૨૦૦૨ ના વર્ષમાં જનસ્વાસ્થ્ય અભિયાન (હાલનું નામ) નું સંયોજન વડોદરામાં ટુ સંસ્થાના કાર્યાલયથી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કરવામાં આવ્યું. પીપલ્સ હેલ્થ એસેમ્બ્લી માટે રાષ્ટ્રીય અને રાજકીય સ્તરના આયોજનો પૈકી ગુજરાત રાજ્યમાં આયોજનની જવાબદારી ટુ સંસ્થાએ ઉપાડી. ધીમે ધીમે વિવિધ ક્ષેત્રની અનેક સંસ્થાઓ જોડાતી ગઇ અને પ્રથમ જનસ્વાસ્થ્ય સભા વડોદરા શહેરમાં સમગ્ર ગુજરાતની તળપદ કાર્યશીલ સંસ્થાઓના સમન્વયથી યોજી શક્યા હતા. ૮૦૦ થી વધુ પ્રતિનિધિઓ આ સભામાં જોડાયા હતા અને ''સૌને માટે સ્વાસ્થ્ય'' અંગેના આંતરરાષ્ટ્રીય સહમતિના મુદ્દા ઉપર ગુજરાતની સંસ્થાઓના અનુભવો અને અવાજ પહોંચાડવામાં સફળતાપૂર્વકની કામગીરી કરવામાં આવી હતી.

૧૦. દુના પ્રકાશનો

અનેક નાની-મોટી પ્રવૃત્તિઓને મદદરૂપ થવા માટે પત્ર-પત્રિકાઓ, પોસ્ટરો, પુસ્તિકાઓ, હાથ-પુસ્તકો, વગેરે પ્રકાશિત થાય છે. જેની યાદી નીચે મુજબ છે.

૧. વિદ્યાર્થીઓના મનોસામાજિક વિકાસમાં શિક્ષકોનો ફાળો - માર્ગદર્શિકા
૨. ''જ્યાં સ્ત્રીઓના ડૉક્ટર ના હોય'' - સ્ત્રીસ્વાસ્થ્ય માર્ગદર્શિકા
૩. માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ માટે પોસ્ટર્સ - ૧૬ પોસ્ટરોનો સેટ
૪. સ્ત્રીઓ પ્રતિ હિંસા અને સ્વાસ્થ્ય વિષયની જાગૃતિ માટે ૨૦ પોસ્ટરોનો સેટ
૫. સામાન્ય સ્વાસ્થ્ય જાગૃતિ માટે ૧૩ પોસ્ટરોનો સેટ
૬. એઇડ્સ સાચુ શું ને ખોટું શું - માર્ગદર્શિકા
૭. શ્વસનતંત્રનો તીવ્ર ચેપ - માર્ગદર્શિકા
૮. કિંમત કોણ ચૂકવશે - નવી આર્થિકનીતિ અંગે વિચાર લેખો.
૯. માનસિક સ્વાસ્થ્ય શિક્ષણ - કાર્યકર માર્ગદર્શિકા
૧૦. માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ અંગે માર્ગદર્શિકા
૧૧. ''આપણી આરોગ્ય પત્રિકા'' - ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય જાગૃતિ માટે વાંચનસામગ્રી અંક ૧-૧૪

આ પૈકી ''જ્યાં સ્ત્રીઓ માટે ડૉક્ટર ના હોય'' પુસ્તક સિમાચિહ્ન રૂપ બની રહ્યું છે. આ દળદાર પુસ્તક (૬૧૦ પાના) સ્ત્રીઓના દરેક પ્રશ્નો વિશે વિગતે છણાવટ કરે છે અને પ્રત્યક્ષ માર્ગદર્શન તથા તબીબી સલાહ પણ આપે છે. ઉચિત દવાઓ અંગે સમજણ આપે છે તો કેટલીક ખોટી પદ્ધતિઓને શા માટે ન સ્વીકારવી જોઇએ, પોતાની સારવાર કેવી રીતે કરાવવી જોઇએ, વગેરે માહિતી પૂરી પાડે છે. કાર્યકરોથી માંડી સામાન્ય ગૃહિણીઓને તથા પુરુષોને પણ અવ્વલ માહિતી પૂરી પાડે છે.

બીજું એક પુસ્તક ''વિદ્યાર્થીઓના મનોસામાજિક વિકાસમાં શિક્ષકોનો ફાળો'' આ મેન્યુઅલ (૧૩૬ પાન) માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રે કામ કરતા અગ્રણી નિષ્ણાતોના સહકારથી રચવામાં આવ્યું છે. તેને વારંવાર લખવા માટે, ફિલ્ડ ટેસ્ટીંગ માટે તેમ જ મઠારવા માટે ખૂબ મહેનતપૂર્વક લેખો ટ્રુ દ્વારા મૂકવામાં આવેલ છે. ગુજરાત સરકારના માનસિક સ્વાસ્થ્ય સેલ તરફથી તેને માન્યતા મળેલ છે અને જિલ્લા કાર્યક્રમો દ્વારા તેનું વિતરણ કરવામાં આવશે.

દર બે માસે એક પત્રિકાની ત્રણ હજાર જેટલી નકલો છાપીને કાર્યક્ષેત્રના ગામોમાં આપવામાં આવે છે. આરોગ્ય શિક્ષણના વિવિધ વિષયો તેમાં આવરી લેવામાં આવે છે. રોગ, રોગનો ફેલાવો, અટકાવવાની પદ્ધતિઓ, બાળકોના રોગ, માનસિક રોગો, બેનોના સ્વાસ્થ્યની વિવિધ સમસ્યાઓ, વગેરે વિષયો પર અત્યાર સુધીમાં ૧૪ ''આપણી આરોગ્ય પત્રિકા''ઓ પ્રકાશિત થઇ છે. ગ્રામિણ વિસ્તારમાં સ્વાસ્થ્ય વિષયક આ વાંચનસામગ્રી સાચું માર્ગદર્શન આપે છે. ફળિયામાં, ગ્રામસભામાં, પંચાયત ઓફિસોમાં, શાળાઓમાં આ વાંચનસામગ્રીનું સહપઠન કરવામાં આવે છે.

૧૧. શિવરાજપુરમાં અભિનવ કન્યા શિક્ષણ કાર્યક્રમ

૧૯૯૫ થી ૨૦૦૧ સુધી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે પાંચ ગામોમાં સપ્તાહાંત શાળાઓ ચલાવી હતી અને ત્યારબાદ બીજા ૧૦ ગામોમાં વૈકલ્પિક શિક્ષણ વર્ગો ચાલુ કરીને સરકારને જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડીપીઈપી) માં સોંપ્યા હતા. આમ ટુના અને બીજી વિવિધ (સરકારી અને બિનસરકારી) સંસ્થાઓના પ્રયત્નો દ્વારા આ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ અને ગુણવત્તા હવે સુધરવા લાગી છે, ત્યારે કન્યા શિક્ષણનો પ્રશ્ન હજી ધ્યાન માંગી લે તેટલો અઘરો છે. અંતરિયાળ વિસ્તારની કન્યાઓ, પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને ઉઠી જાય કારણકે ઘર/ગામથી દૂરની હાઇસ્કૂલ સુધી પહોંચવા માટે આર્થિક અને સામાજિક સમસ્યાને નડે છે.

આનો ઉકેલ કાઢવા માટે ટુ દ્વારા ધો. ૮ થી ધો. ૧૨ માં ભણતી બેનો માટે અભિનવ કન્યા શિક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો છે. છેલ્લા ચાર વર્ષથી દૂર દૂરથી આવતી કન્યાઓ ટુના કેન્દ્રમાં જ વસે છે, સવાર સાંજ સમયનો સદુપયોગ કરી વિવિધ પ્રવૃત્તિઓ પણ શીખે છે. પૂરક શિક્ષણ મેળવે છે અને હાઇસ્કૂલનું ભણતર ૧૨ ધોરણ સુધીનું પૂરું કરે છે. આ છોકરીઓ ૮ મા ધોરણમાં આવે ત્યારે તેમને લખવા-વાંચવાની મુશ્કેલીઓ પણ હોય છે. કહેતાં ખૂબ આનંદ થાય છે કે તે જ છોકરીઓનું ૧૦ મા તથા ૧૨ મા ધોરણનું પરિણામ પૂર્ણ સફળતાવાળું મળી શક્યું છે. બધી જ બાળાઓએ અત્યારસુધી સેકન્ડ અને ફર્સ્ટ ક્લાસથી બોર્ડની પરિક્ષા ઉત્તીર્ણ કરી છે. આ સફળતાનું શ્રેય સંસ્થા દ્વારા પૂરક શિક્ષણની વ્યવસ્થાને ફાળે જાય છે. બે માનદ્ શિક્ષકો આ બાલિકાઓને દરરોજ સવારે અને સાંજે શાળાકીય અભ્યાસક્રમની તાલીમ આપે છે. દર શનિ-રવિમાં બાલિકાઓ ''વેસ્ટમાંથી બેસ્ટ'' તથા સિવણ પ્રવૃત્તિ શીખે છે તથા આરોગ્યલક્ષી શિક્ષણ મેળવે છે.

વર્ષ	છોકરીઓ
૨૦૦૬-૨૦૦૭	૧૨
૨૦૦૭-૨૦૦૮	૩૫

વર્ષ	છોકરીઓ
૨૦૦૮-૨૦૦૯	૭૪
૨૦૦૯-૨૦૧૦	૧૨૦

૧૨. સમય સ્વાસ્થ્ય કાર્યક્રમમાં ક્ષેત્ર કાર્યક્રમોની સારણી (૨૦૦૮)

દંપતિ શિક્ષણ કાર્યક્રમ	બાળવૃદ્ધિ વિકાસ કાર્યક્રમ	સગર્ભા સંભાળ કાર્યક્રમ	ગ્રામ આરોગ્ય કાર્યકરની પ્રવૃત્તિઓ	માનસિક સ્વાસ્થ્ય અભિયાન
૫૧૩૬ યુગ દંપતિ	૪૧૬૫ બાળકો (૩ વર્ષ સુધીના)	૧૯૨૦ સગર્ભા બેનો	૧૮૩૩૭ દર્દીની સારવાર	૩૫૧ દર્દી
• બેનોની માસિક વિષયક માહિતી લેવા કરવી - દર મહિને લેવી. • પ્રજનન સ્વાસ્થ્ય ને લગતી દરેક માહિતી - દર મહિને લેવી. • પાંડુરોગની સારવાર, સગર્ભની કાળજી. • ગર્ભનિરોધ સાધનો અંગે શિક્ષણ અને સાધનો આપવા • સામાન્ય સ્વાસ્થ્યની સમસ્યાઓ અંગે માહિતી લેવી અને શિક્ષણ કરવું. • તબીબી સારવાર માટે દર્દી માર્ગદર્શન અને યોગ્ય દવાખાને પહોંચાડવા કે રીફર કરવા	• દરેક જન્મની નોંધણી • બાળકોનું માસિક વજન કરવું. • બાળકોના વૃદ્ધિ-વિકાસ અંગે ગ્રાફ બનાવવો અને માતા-પિતાને લેવી. - શિક્ષણ કરવું. • રસીકરણ • કુપોષણ થયું હોય તે બાળકોના વિશેષ ફોલો અપ, ખોરાક માર્ગદર્શન અને માતા-પિતાને શિક્ષણ • બાળસ્વાસ્થ્ય શિબિરો • બાળસ્વાસ્થ્ય અંગે શેરીનાટકો અને ગીતો તથા પ્રદર્શનો યોજવા • નવજાત શિશુ સ્વાસ્થ્ય અંગે નવદંપતિ શિક્ષણ • ગામે ગામ યુવક શિબિરોમાં જવાબદાર પિતૃત્વ તાલીમ	• પહેલામાં પહેલી સગર્ભા ખોળણી કરવી. • પાંડુરોગની સારવાર તેમ જ શિક્ષણ આપવું. • જનની સુરક્ષા યોજનામાં બેનોને મોકલવા, • પૂર્વપ્રસૂતિ સંભાળ • નવજાત શિશુની સંભાળ • શિશુને ધાવણ આપવા બાબત માતાને શિક્ષણ • માતા-બાળકની સમસ્યા ઉકેલવી. • દાયણ તાલીમ, પ્રસૂતિ સ્વચ્છતા માટે કીટવિતરણ • મુશ્કેલ પ્રસૂતિ થશે એમ લાગે તે બેનોને રીફર કરવી	• ગામમાં ફરીને દર્દીઓ શોધવા • દર્દીઓને પ્રાથમિક સારવાર • રીફર કરીને દવાખાને મોકલવા. • રોગો ના થાય ને ફેલાવો અટકે તે માટે શિક્ષણ • આરોગ્યના વિશેષ શૈક્ષણિક કાર્યક્રમોનું ગ્રામ્ય સ્તરે સંકલન કરવું. • જાગૃતિ અભિયાન માટે ગામેગામ લોકસંપર્ક પદયાત્રા • શેરીનાટક અને અન્ય માધ્યમો દ્વારા પ્રશિક્ષણ	• સર્વે દ્વારા દર્દીઓ શોધવા • સારવાર આપી રામવા દર્દીઓને અને તેના સગાઓને માર્ગદર્શન • તમામ દર્દીઓને દર માસે મળવું. • દર્દી પુનર્વસન માટે કાર્યક્રમ તેમજ સપોર્ટ કાઉન્સેલીંગ કરવું. • વિશેષ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, હાટ, મેળામાં પ્રદર્શનો • હાઇસ્કૂલના બાળકોને વ્યસન લેતા રોકવા માટે કિશોર સ્વાસ્થ્ય મેળા કાર્યક્રમ.
		ટુના વિવિધ દવાખાનાઓ દ્વારા ૧૯૦૦૦ દર્દીઓને તબીબી સારવાર તેમજ સેકન્ડરી અને ટર્શિયરી તબીબી સંભાળ માટે દર્દીને બહાર મોકલવાની સગવડ		

૧૩. સંસ્થાના કોર ટ્રસ્ટીઓની અન્ય પ્રવૃત્તિઓ

. મોરબી પૂરગ્રસ્ત વિસ્તારોમાં ડૉ. અશ્વિનભાઈ દ્વારા રાહત કામગીરી

.. ભોપાલ ગેસ દુર્ઘટના સમયે મેડીકો ફ્રેન્ડસ સર્કલ દ્વારા યોજાયેલ એપીડેમીયોલોજીકલ સ્ટડીની ડીઝાઇન, ડેટા કલેક્શન, એનાલીસીસ તેમજ રીપોર્ટ રાઇટીંગમાં ડૉ. અશ્વિન પટેલ અને નિમિત્તાબેનનો સક્રિય સહભાગ

. મેડીકો ફ્રેન્ડસ સર્કલ બુલેટીનના સ્થાપક તંત્રી તરીકે ડૉ. અશ્વિનભાઇએ શરૂઆતના ૩ વર્ષ સુધી કામ કર્યું.

. ફ્લોરો કાર્બન ગેસની આડઅસરોથી પીડાતા વિસ્તારોમાં રેપિડ એસેસમેન્ટ ડૉ. અશ્વિનભાઇ અને નિમિત્તાબેન દ્વારા કરવામાં આવ્યું અને ગુજરાત હાઇકોર્ટમાં માહિતી પૂરી પાડી હતી.

. ગોલ્ડન કોરીડોર - વાપીથી નંદેસરી સુધીની કેમિકલ ફેક્ટરીઓ દ્વારા ફેલાતા પ્રદૂષણના અભ્યાસ માટે ઇન્ડીયન પીપલ્સ ટ્રીબ્યુનલના સભ્યો (જયુરી) તરીકે મધ્ય ગુજરાતમાં ડૉ. અશ્વિનભાઇ તથા દક્ષિણ ગુજરાતમાં નિમિત્તાબેને સક્રિય કામગીરી કરી

. કચ્છમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં ભૂકંપની સ્વાસ્થ્યલક્ષી અસરોનો અભ્યાસ અને રજૂઆત માટે ઇન્ડીયન પીપલ્સ ટ્રીબ્યુનલમાં સભ્ય (જયુરી) તરીકે નિમિત્તાબેને સક્રિય કામગીરી કરી હતી.

૭. ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ફોર વીમેન, બેઇજીંગમાં પ્લેટફોર્મ ફોર એકશનની આંતરરાષ્ટ્રીય સમજૂતિના મુસદ્દામાં ભારતના સ્વૈચ્છીક સંગઠનો તરફથી સ્ત્રી આરોગ્ય, બાલિકા સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય હક્ક બાબતના પ્રકરણોમાં લોકલક્ષી નિર્ણયો/ભાષા સ્વીકારાય તે બાબત લોબીંગ કરવા માટે નિમિત્તાબહેનની વરણી કરવામાં આવી હતી જે તેમણે સફળતાપૂર્વક પાર પાડી હતી.

૮. સ્ત્રી વિરોધી કુટુંબનિયોજન પદ્ધતિઓ, રીસર્ચ તથા અન્ય કાર્યક્રમો બાબત નિમિત્તાબહેને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સીઝમાં સફળ સહભાગ કર્યો હતો.

૯. વિશ્વ આરોગ્ય સંસ્થાના ફ્રીલાન્સ કન્સલ્ટન્ટ તરીકે નિમિત્તાબહેને ઇન્ટરનેશનલ પોવર્ટી એન્ડ હેલ્થ નેટવર્કની પ્રવૃત્તિઓમાં બે વર્ષ સુધી સક્રિય રહી ભારતના ગ્રામીણ ગરીબો માટે આરોગ્ય સેવાઓ બાબત મજબૂત રજૂઆત કરી હતી.

૧૦. વૉલન્ટરી હેલ્થ એસોસિએસન ઓફ ઇન્ડીયાના કાર્યકારી બોર્ડમાં ડૉ. અશ્વિનભાઇએ અને નિમિત્તાબહેને જુદા જુદા સમયે ચાર ચાર વર્ષ રહી ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

૧૪. દુની સઘન કામગીરીના લાભાર્થીઓ

સમગ્ર સ્વાસ્થ્ય કાર્યક્રમ

૧. શિવરાજપુર વિસ્તાર : સંખેડા, વાઘોડિયા, હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડાની તાલુકા સરહદો પર વસેલા ૩૮ ગામો

૨. પાવીજેતપુર વિસ્તાર : પાવીજેતપુર, દેવગઢબારિયા, છોટાઉદેપુર અને ઘોઘંબાની તાલુકા સરહદો પર વસેલા ૪૦ ગામો

૩. કેળકુવા વિસ્તાર : પાવીજેતપુર, દેવગઢબારિયા, ઘોઘંબાની તાલુકા સરહદો પર આવેલા ૧૩ ગામો

સમગ્ર સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ વસ્તી

જિલ્લાનું નામ	વસ્તી આંક કુલ	અનુ. જાતિ	અનુ. જનજાતિ	અન્ય
વડોદરા (તા. પાવી જેતપુર)	૩૬૮૨૮	૧૧૫૦	૨૨૦૬૦	૧૩૬૧૮
પંચમહાલ	૨૦૮૬૩	૦૫૦૯	૧૩૫૮૦	૬૭૭૪
દાહોદ	૧૦૯૦૭	૦૦૮૭	૧૦૮૨૦	૦૦
કુલ	**૬૮૫૯૮**	**૧૭૪૬ (૨.૫૨%)**	**૪૬૪૬૦ (૬૭.૭૫%)**	**૨૦૩૮૨ (૨૯.૭૩%)**

આરોગ્ય કિરણ કાર્યક્રમ

૪. કુરાલ વિસ્તાર : પાદરા અને જંબુસર તાલુકા સરહદો પર આવેલા ૧૬ ગામો

જિલ્લાનું નામ	વસ્તી આંક કુલ	અનુ. જાતિ	અનુ. જનજાતિ	અન્ય
વડોદરા (તા. પાવી જેતપુર)	૨૮૭૯૪	૧૮૨૫ (૬.૩%)	૮૮૮ (૩%)	૨૬૦૮૧ (૯૦.૭%)

ાહત નિદાન કેન્દ્ર

ડોદરા શહેર : ઓછી આવકવાળા અને ગરીબ દર્દીઓ; વડોદરા
અલકાપુરી તથા શેહર તથા આજુબાજુના ગામો તથા દૂરથી
ાંડીયાબજાર કેન્દ્ર) વડોદરામાં વિશેષ તબીબી સેવાઓ માટે આવતા
દર્દીઓ

ાહત નિદાન કેન્દ્રમાં દર્દી સંખ્યા (૨૦૦૮) = કુલ ૧૫૭૮૨

Centre Name	X - Rays	Sonography	Laboratory	Echocardiogram
Alkapuri	2292	522	3110	--
Dandia Bazar	8903	787	--	168
Total	**11195**	**1309**	**3110**	**168**

ાનસિક સ્વાસ્થ્ય અભિયાન

૧. હાલોલ તાલુકો : ૧૭૭ ગામો, કુલ વસ્તી = આશરે ૧,૫૦,૦૦૦

૨. જાંબુઘોડા તાલુકો : ૫૫ ગામો, કુલ વસ્તી = આશરે ૪૦,૦૦૦

ટુના વિવિધ દવાખાના દ્વારા ૨૦૦૮ ના વર્ષમાં સારવાર મેળવતા દર્દીઓ

દવાખાનુ	સ્ત્રી	પુરુષ	કુલ
સમગ્ર સ્વાસ્થ્ય કાર્યક્રમ	૬૫૦૩	૬૮૫૮	૧૩૩૬૧
શિવરાજપુર	૨૯૩૭	૩૨૩૩	૬૧૭૦
વાઘબોડ	૮૬૩	૭૮૦	૧૬૪૩
તલાવડી	૮૧૮	૭૮૪	૧૬૦૨
ભીખાપુરા	૧૩૮૨	૧૫૫૪	૨૯૩૬
ગ્રામ્ય કેમ્પ	૫૦૩	૫૦૭	૧૦૧૦
આરોગ્ય કિરણ પ્રોજેક્ટ	૧૯૨૩	૧૮૫૪	૩૭૭૭
વિશેષ ઓપીડી			
સ્ત્રી રોગ	૧૬૮	--	૧૬૮
માનસિક રોગ	૧૧૬	૨૩૫	૩૫૧
દંતચિકિત્સા	૧૧૨	૩૦૩	૪૧૫
કુલ દર્દી (૨૦૦૮)	**૮૮૨૨**	**૯૨૫૦**	**૧૯૦૦૬**

૧૫. લોકસ્વાસ્થ્ય મંડળને નાણાંકીય સહયોગ આપનાર સંસ્થાઓ

૧. આરબાઈટર વૉલફાર્ત, જર્મની - શહેરી ગરીબોને માટે આરોગ્ય - વિકાસ પ્રવૃત્તિઓ, નિદાન કેન્દ્ર માટે સાધનો

૨. બાઈલાન્સ, નીધરલેન્ડસ - ગ્રામીણ તથા આદિવાસી વિસ્તાર માટે આરોગ્ય - વિકાસના શરૂઆતના કાર્યક્રમો માટે (૧૯૮૯ થી ૧૯૯૬ સુધી)

૩. ક્રાય (CRY), મુંબઈ - ગ્રામીણ બાળકોનો સ્વાસ્થ્ય કાર્યક્રમ

૪. સ્પીસ એઇડ, મુંબઈ - ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટે કાર્યક્રમ

૫. સ્ટીચર્ટીંગ કીન્ડર પોસ્ટેઝ, નીધરલેન્ડસ - ગ્રામીણ પ્રાથમિક શિક્ષણ સશક્તિકરણ કાર્યક્રમ

૬. જર્મનીની સરકાર (દ્વારા આવો) - કચ્છ ભૂકંપ રાહત અને પુનર્વસન કાર્યક્રમ, રાપર, ભચાઉમાં

૭. સ્વીસ લેબર આસિસ્ટન્સ, સ્વીત્ઝરલેન્ડ - આરોગ્ય, આવાસ, પાણી, વગેરે ગ્રામવિકાસની પ્રવૃત્તિઓ, રાપર, કચ્છમાં

૮. કચ્છની ભૂકંપ પુનર્વસન કામગીરીમાં લગભગ દસેક સંગઠનો (જે અમેરિકામાં વિવિધ જગ્યાએ સ્થિત છે) નો પણ સહયોગ મહત્વનો હતો.

૯. ઓક્સફામ, યુ.કે. - સાબરકાંઠામાં કોમી એકતા અને પુનર્વસન કાર્યક્રમ

૧૦. હસ્પેરિયન ફાઉન્ડેશન, યુ.એસ.એ. - સ્ત્રીસ્વાસ્થ્ય માટે પુસ્તક પ્રકાશન

૧૧. હ્યુમન એન્રીચમેન્ટ ફોર લવ એન્ડ પીસ, યુ.એસ.એ. - આરોગ્ય પ્રવૃત્તિઓ અને અન્ય જરૂરિયાતની પ્રવૃત્તિઓ માટે.

૧૨. સર આર.ડી.ટાટા ટ્રસ્ટ, મુંબઈ - ગ્રામીણ આરોગ્ય કાર્યક્રમ

૧૩. ફીલિપ્સ ઇલેક્ટ્રોનીક્સ ઇન્ડીયા, મુંબઈ - ગ્રામીણ આરોગ્ય કાર્યક્રમ

૧૪. જૈન યુવક સંઘ, મુંબઈ તરફથી આરોગ્ય વિકાસ પ્રવૃત્તિ માટે

૧૫. ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ - ગ્રામીણ વિસ્તારમાં માનસિક સ્વાસ્થ્યના પાઇલોટ કાર્યક્રમ માટે

૧૬. ગુજરાત સરકાર, રોડસ એન્ડ બિલ્ડીંગ ડીપા. ગાંધીનગર - ગુજ. સ્ટેટ હાઇવે પ્રોજેક્ટ પુનર્વસન કાર્યક્રમ,

૧૭. ગુજરાત સરકાર, હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ડીપા. મેન્ટલ હેલ્થ સેલ, જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ, પંચમહાલ, વગેરે

૧૮. ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીઝ - માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ, હાલોલ અને જાંબુઘોડા.

આ ઉપરાંત સંસ્થાના કામોમાં નામી, અનામી ફાળો પૂરનાર વ્યક્તિઓ, મિત્રો, શુભેચ્છકો, સ્વૈચ્છિક યોગદાન કરનાર તમામ ટુના વટવૃક્ષને ટેકો આપનાર મૂળ સમાન છે. અમે તેઓના વિશેષ આભારી છીએ.

ટ્રસ્ટ ખાસ આભારી છે.

- પ્રવૃત્તિઓને ધમધમતી રાખનાર કાર્યકર ગણ તેમજ મિત્રોના
- પ્રવૃત્તિઓના લાભાર્થી ગ્રામીણ તેમજ શહેરી દર્દીઓના
- શુભેચ્છકો તેમ જ સહયોગીઓના સ્વૈચ્છિક સમયદાન માટે
- આર્થિક પીઠબળ પૂરું પાડનારા મિત્રોના
- વ્યવસાયિક તેમ જ અન્ય ટેકનીકલ મદદ પૂરી પાડનાર મિત્રોના

૧૬. ડુમાં ખર્ચનું વિશ્લેષણ ૨૦૦૭-૦૮



૧૭. અમે બધાં..... (ડુનું ટ્રસ્ટી મંડળ)

ટ્રસ્ટીનું નામ	હોદ્દો	
ડૉ. સુનીલ દેસાઇ	પ્રમુખ અને ટ્રસ્ટી	રીટાયર્ડ રેસિડેન્ટ મેડીકલ ઓફિસર, આઇપીસીએલ, કાગળ-કચરો વીણનારા બાળકો માટે સંગઠન, માનવ સેવા સમિતિ, લોકોસ્ટ, વગેરે સાથે સંકળાયેલા
શ્રી નિમિત્તાબેન ભટ્ટ	મેનેજીંગ ટ્રસ્ટી સ્થાપક ટ્રસ્ટી	બીએસસી, જર્નાલીઝમ, હેલ્થમેનેજમેન્ટ અને એપીડેમીયોલોજીના સર્ટીફીકેટ કોર્સ, વિવિધ સ્વૈચ્છિક સંગઠનો સાથે સંકળાયેલા.
ડૉ. અશ્વિન પટેલ	સ્થાપક ટ્રસ્ટી	એમ.ડી. પીડીયાટ્રીક્સ, એમ.એસ.સી. એપિડેમીયોલોજી, અનેક સ્વૈચ્છિક સંગઠનોના સ્થાપક અને વૈકલ્પિક વિચારધારા સાથે સંકળાયેલા
શ્રી જયેન્દ્ર ભટ્ટ	સ્થાપક ટ્રસ્ટી	આર્કીટેક્ટ-પ્રેક્ટિર્સીંગ અમદાવાદમાં, લોકોસ્ટ હાઉર્સીંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા, કચ્છમાં ભૂકંપ કામગીરીમાં સક્રિય, હાઇવે દ્વિકરણના કામોમાં પ્રવૃત્ત તથા હેરીટેજ રીનોવેશનના અનુભવી
ડૉ. ઉષાબેન મોદી	ટ્રસ્ટી	એમ.ડી. પીડીયાટ્રીક્સ, એક્સ હેડ ઓફ ડીપા. અને ડીન ઓફ મેડીકલ કોલેજ, વડોદરા તથા પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ, આરોગ્યની વૈકલ્પિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા
ડૉ. આશાબેન ભટ્ટ	ટ્રસ્ટી	એમ.ડી. ગાયનેક : પ્રેક્ટિર્સીંગ સુરતમાં, ફોગસીની ગ્રામ્યર્વીગમાં સક્રિય અને બે વર્ષ પ્રમુખ રહ્યા.
શ્રી વસન્ત ગાલા	ટ્રસ્ટી	એમ.ઈ. મીકે. એન્જી. જેટેક્ષ એન્જી. પ્રાઇવેટ લી., વડોદરામાં વૈકલ્પિક શિક્ષણ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા
શ્રી રમેશચંદ્ર કે. શાહ	ટ્રસ્ટી	એકાઉન્ટ્સ - નિષ્ણાત શ્રી વિક્રમ સારાભાઇ અને તેમના કુટુંબના સભ્યોએ સ્થાપેલ વિવિધ સંસ્થાઓ જોડે સંકળાયેલ

સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રીઓ

ટ્રસ્ટીનું નામ	હોદ્દો	
ફા. જેરી ફર્નાન્ડીઝ	સ્થાપક ટ્રસ્ટી	અનેક સ્વૈચ્છિક સંગઠનો સાથે સંકળાયેલા
શ્રીમતી વિમલ બાલાસુબ્રમણ્યમ્	ટ્રસ્ટી	જર્નાલીસ્ટ, એમ.એ. સ્વૈચ્છિક આરોગ્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા, આરોગ્યની સમસ્યાઓ ઉપર લખનાર રાષ્ટ્રીય કક્ષાના જર્નાલીસ્ટ
સ્વ. ડૉ. આર. આર. દોશી	ટ્રસ્ટી	ઓપ્થેલ્મોલોજીસ્ટ, સ્થાપક, રવિશંકર મહારાજ આંખનું દવાખાનુ, ચિખોદરા અનેક સ્વૈચ્છિક સંગઠનો સાથે સંકળાયેલા

અમારા સૌના દોશીકાકાને નતમસ્તક શ્રધ્ધાંજલી

(મૃત્યુ તિથિ ૧૦/૪/૦૯)

ટ્રસ્ટની નોંધણી :

ટ્રસ્ટ રજિ. નંબર : E/3894/Vadodara - ચેરિટી કમિશ્નર ઓફિસ, વડોદરા.

ટ્રસ્ટનું 80 G (IT) નં. : BRD/SIB/104-3-7/88-89 દાન પર ૫૦% આવકવેરા માફ.

ટ્રસ્ટ ફોરીન કોન્ટ્રીબ્યુશન રેગ્લુશન એક્ટમાં નોંધાએલ છે.

ટ્રસ્ટમાં આપવાનું દાન : ચેક કે ડી.ડી. ''ટ્રસ્ટ ફોર રીચીંગ ધ અનરીચ્ડ'' નામથી લખવો.

આ પરિસ્થિતિ બદલવી છે.....